# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

તંત્ર તો છે સર્કસનું પ્રાણી, હાક'થી ફફડે છે,
રીંગ માસ્ટરના માત્ર ફટાકાથી જ ફફડે છે,
કરે છે મ્યાઉં બધાને હવે વડાપદની બિલ્લી!
નોકર-ચાકર-નેતા, આખા દેશના ફફડે છે!!
(ચૂંટણી પંચ સામે ઘૂરકાટ)

**હાઈકુ**

તણાઇ આવી -
- લ્હેરના મોજાં માં જ,
આ 'ક્લીનચીટો'
(સુનામી ની ધાક?!)

બહુ બળિયો!
કાયદા-ન્યાય સામે
ચઢાવે બાંયો!
(ધરણાં..)

## ચિંતન

*અન્તર્વાણિ મન્યમાનઃ ખલોઅયં, પૌરા ભાગ્યં સૂક્તિ મુક્તા સુધતે ।*
*સર્વાનન્દિન્ય અંગકે કામીનીનામીર્મ માર્ગત્યેષ વૈ બંભરા લિઃ ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય- 'દુર્જન નિંદા' નામના વિભાગમાંથી આ શ્લોક છે :

'પોતાનાં સૌંદર્ય-સ્વરૂપ વડે સર્વને આનંદ આપનાર રમણીના શરીરમાં પણ 'માખી' તો જયાં ગૂમડું-પાક્યું હોય તે જ જગ્યા શોધી કાઢે છે. અર્થાત તેને રમણીના શારીરિક સૌંદર્યનો કોઇ જ મતલબ નથી એવી જ રીતે, લુચ્ચો-ખલ પુરૂષ-દુર્જન પોતાને ભાષા નિષ્ણાત માનીને-સમજીને બીજા કોઇ વિદ્વાન પુરૂષના સુભાષિત-સારાં વચનમાંથી પણ-સુભાષિત રૂપી મોતીમાં પણ પોતાની દુષ્ટ દૃષ્ટિથી દોરી પરોવે છે. અર્થાત્ સારાં વચન-વ્યાખ્યાન-સુભાષિતમાંથી પણ ભૂલ-ચૂક-દોષ શોધી કાઢે છે.'

સદાય-બીજાના દોષ-ભૂલો જોવા જ ટેવાયેલા સ્વભાવવાળા દોષદૃષ્ટિ-નકારવાચક વિચાર ધરાવનારા લોકો બીજાંની કાળી બાજુ જોવા જ ટેવાયેલા હોય છે કોઇની સારી-સાચી વાતમાં પણ એમને તો કંઇક 'કાળું' જ દેખાય છે. દુર્જન લોકોને દુનિયા આખી પોતાના જેવી ભૂંડી જ દેખાય છે તેથી એ કદીય સારું, સુખદ પરિણામનું વિચારતા જ નથી.

## સુવિચાર

- ઓરીજીનાલીટી એ જ સ્વયંની રીયલ આઇડેન્ટીટીટી છે, તમે જેવા છો એવા જ થાવ તો જ તમારા જેવું કોઇ નહીં થાય - *એસ. ભટ્ટાચાર્ય*
- મુમકીન હૈ સફર હો આસાં, અબ સાથ ભી ચલ કર દેંખે... કુછ તુમ ભી બદલ કર દેખો, કુછ હમ ભી બદલ કર દેખેં - *નિદા ફાઝલી*
- ઇશ્વર એ પછી સહેજમાં સમજાઇ જશે.. એક વાર અમો પોતાને સમજી લઇએ - *ઓજસ પાલનપુરી*
- સિદ્ધહસ્ત લોકો ને હાર કે પછડાટ નથી મળતી, મુશ્કેલીઓ તેમની સામે નહીં, તેઓ ખુદ મુશ્કેલી સામે જાય છે - *કસ્તુરભાઇ લાલભાઇ*
- સફળતાની જનની જ તમારા વિચારો છે, વિચારો બદલશો તો જીંદગી બદલાઇ જશે - *સાધુ વાસવાણી*
- ધીરજ ન હોય ત્યારે તમે એક પળમાં કશુંક એવું તોડી નાખો છો કે જેને સાંધતા આયખું ઓછું પડે છે - *ભૂપત વડોદરિયા*
- તદ્દન ખોટી હોય છતાં માણસને પ્રશંસા ખૂબ ગમે છે.. પરંતુ સાવ સાચી હોય તેવી ટીકા જરાય ગમતી નથી - *ધીરજ મુનિ*

*(સંકલન : દીપક વી. આસરા)*

## બોધ કથા

સુખ એટલે જીવનમાં પરમ-પવિત્ર-નિઃસ્વાર્થ પ્રેમની પ્રાપ્તિ-આવો પ્રેમ જ સ્વર્ગ છે. ગટરના ખાલી પડેલા પાઇપના ઘર બાંધી રહેતું દંપત્તિ જો એકમેકને નિર્ભેળ પ્રેમ આપી રહેતાં હોય તો એ એમનું સ્વર્ગ છે.

એક કરોડપતિ શેઠને કયાંકથી કોઇ તરફથી પ્રેમ મળ્યો ન હતો. કંકાસીયાણી પત્ની શેઠને છોડી બીજા સાથે ચાલી ગઇ હતી. પુત્રો તેમનાં ધંધાર્થે દૂર દેશાવર હતા. શેઠ પાસે અઢળક સંપત્તિ હતી પણ 'પ્રેમ' વિના હતાશામાં (ડીપ્રેશન) આવી ગયા હતા.

ડો. લ્યુકેન્ઝી માનસશાસ્ત્રી હતા. શેઠનો ઇતિહાસ જાણી તેમની 'રગ' પકડી લીધી. શેઠને માત્રને માત્ર પ્રેમની જરૂર હતી. ડોકટરની નર્સ તાજેતરમાં જ વિધવા થઇ હતી તેની આર્થિક સ્થિતિ સારી ન હતી. રહેવા-જમવાના ફાંફાં હતા. ડોકટરને યોગાનુયોગનો પ્રકાશ થયો.

શેઠને કહ્યું, તમારે એક માસ સંપૂર્ણ આરામ કરવો. મારી નર્સ સતત તમારી સારવાર કરશે દર કલાકે ગોળી-દવા લેવાની છે. શેઠ સંમત થયા.

બીજી બાજુ ડોકટરે નર્સને કહ્યું તું એક માસ શેઠને ત્યાં જ રહી કૃત્રિમ પ્રેમ આપજે અને હૃદય પૂર્વક સારવાર કરજે. ૨૪ કલાક ત્યાં જ રહેવાનું છે. નર્સની સમસ્યા પણ ઉકેલાઇ ગઇ.

શેઠની પ્રેમપૂર્વક સેવા કરી. શેઠનું દર્દ ગાયબ થયું. એક મહીનો બંને લગ્ન કરી ડોકટર પાસે ખૂશખૂશાલ થઇ આવ્યા. ડોકટર કહે, ગોળીઓ તો વીટામીન્સની હતી. તમારી સાચી દવા 'પ્રેમ' હતી એની પૂર્તિ આ નર્સે કરી આપી.

Email - sureshchandrabhatt18@gmail.com

# એક ડોસી ડોસાનાં શા હાલ-હવાલ કરે છે...

કમાલ કરે છે,
કમાલ કરે છે.
એક ડોસી ડોસાને હજી વહાલ કરે છે.

કવિશ્રી સુરેશ દલાલની માફી સાથે આમ શિર્ષક સાર્થક કરવાના મૂડમાં આવી ગઇ. ડોસી-ડોસાને કે ડોસા ડોસીને વહાલ કરવાનો દસકો વિત્યો પછી... પછી શું ?

બેમાંથી ચાર ને ચારમાંથી આઠ, પછી ના થવાનું જ થાય ને? એક-બે ને ત્રણ કરતાંમાં તો ટીમ અત્યારે અગિયારની થવા આવી. છેલ્લે... ઘરમાં સાવ નાનકડી અઢી વર્ષની બબલીય બાલમંદિર? ...છી... એમાં તે મોકલાતી હશે? નર્સરીમાં જતી થઇ ગઇ. છેલ્લે બચ્યાં ડોસો અને ડોસી ને પછી શરૂ થાય છે. ડોસાના હાલ-હવાલ.

પડદો અહીં પડતો જ નથી... પરંતુ દૃશ્ય સવારનું...

આઠ વાગ્યા, કયાં લગી કપ-રકાબી આગળ બેસી રહેવાનું? રહી-સહી ચા માંખોને સાફ કરી નાખી, કોણ જાણે મારા જ લમણે લખાયા, સાવ... ઊભા થાવ હવે... જો... જો... કપ-રકાબી ફૂટી ન જાય... નહીંતર તમારી સગલી બહારથી આવશે ને તો...

મારી સગલી?

તો.. તો.. કોની? આપણી સગલી...

બે હાથ ને ત્રીજું મસ્તક, હવે... મહેરબાની કરો ને બાથરૂમ ભેગા થાવ, જો જો પાછા, સાબુ ઠેકાણે મૂકજો, ને કોરાં કપડાં ભીંનાં ના કરી દેતા, ટમલર ઠેકાણે મૂકજો ને ગરમ પાણીમાં ઠંડુ નાખજો, બાપા... કેટ-કેટલી શિખામણો આપવી પડે છે. રૂમાલ ટીંગાળેલો જ છે, મારા સાડલાથી ના લૂછી દેતા.



આ... નાહી ને આવ્યા પણ બાથરૂમમાં નળ બંધ કોણ કરશે? ને લાઇટ બંધ કરી? કેટલી વખત કહ્યું કે... બાથરૂમનું બારણું ખુલ્લું રાખો... ભગવાન તોબા! આવા સાવ મગજ વિનાના સાથે પનારો પડ્યો એવા કરતાં તો ના પરણી હોત તો સારું...

બિચારા ડોસા! શું બોલે? વિચારોનું આખુંય વૃંદાવન રચાય છે એ ટાણે રાસલીલા રમવા રાધાઓનો રાફડો ફાટતો. પણ... આ રૂક્ષ્મણિએ પહેલો દાવો માંડ્યો, ને ભોગ લાગ્યા. બાકી, આ રૂક્ષ્મણિએ હાથરોલ છોડી હિંમતનગર પણ નહોતું જોયું, ને મેં સેટ કરી સુરતમાં. આખા સમાજમાં હું પહેલો સી.એ. એનાં મોંએ પાંચસો વાર સાંભળેલું કે... અમારા સમાજનો હીરો છે એ મારો ઘરવાળો જ, બીજું કોઇ નહીં, પણ... અત્યારે આ સી.એ. એટલે કમ અકક્લ.

ડોસા હજુ ન્હાઇ-ધોઇને માંડ-માંડ શર્ટના બટન લગાવે છે ત્યાં જ બાર રે! કેટલીવાર? શું વરણાગીયો જીવ છે? અરીસા આગળથી હટતા જ નથી. તમને કહું છું... માળા ઝાલીને બેસો ઘડીક... ઉદ્ધાર થાય, બાકી તો ઉઠ્યા ત્યારથી છાપામાં માથું, બીજું કશું સૂઝતું જ નથી.

આ સુરેશ દલાલને ઉપર કયાં કહેવા જવું કે આ કયાં ગયું વ્હાલ? દરિયામાંથી ખારા પાણીમાં ગળી ગયું કે પછી મોજાઓ ભેગું મ્હાલવા નીકળ્યું કે શું થયું?

***● દૃશ્ય બીજું, બારના ટકોરા પડતામાં તો...***

ડોસાના ડિલે અથડાતા બે-ચાર લસણના છોડવા-ફોલી આપોને, સવારના આમ સાવ નવરાં ને નવરા. કંઇ કામ ધંધો જ નહીં, આગલા બારણાની સ્ટોપર બંધ કરી? અને ન્હાઇને આવ્યા પછી ટુવાલ સુકવ્યો હતો કે પછી ત્યાં નો ત્યાં?

બાપા... કેટલાક સુધારું તમને? પેલા બકુલ ત્રિપાઠી સાચ્ચે જ કહેતા કે... આ જનમમાં આ ભોપો હતો, માથે ટપલાં મારી-મારીને આખી જિંદગી મેં એને સુધાર્યા જ કર્યો છે, એટલે હવે આ સુધારેલાને સાતેય જનમમાં માગવો - જેથી આગલા ભવમાં એને સુધારવો ન પડે. પણ... તમને તો સાતેય જનમમાં સુધાર્યા હોય ને તો પણ આઠમા ભવે એવાને એવા, અરે! એનાથી ય ભૂંડા.

ડોસાને બોલાવા કંઇ બચ્યું ન હતું. કારણ ટુવાલ તો લથબથ હજુ બાથરૂમનાં નળ ઉપર જ હતો. ઉંમર નાની હોય તો ટચલી આંગળી બતાવાય, એથી ય નાની હોય તો ડાયપર હોય, પણ કશુંય બોલ્યા વિના, મોં માં મગ ભર્યા હોય અસવ એ રીતે જ ડોસા ઉપડ્યા, બ્હાનું બતાવવા બારણાં અઢેલ્યાં ને ડોસીની બીકે બારણાંની તિરાડ આડે જોઇ લીધું... એ કયાંક નથી દેખાતી એની ખાતરી કરી ટુવાલ તાર ઉપર લટકાવી દીધો. તમને શું ખબર પડે પરંતુ... ડોસાના મુખ ઉપર આનંદ ઝગમગવા લાગ્યો.

સુરેશ દલાલની કવિતાની અંતિમ પંક્તિમાં... 'બંને જણ ઘરની દિવાલને ગુલાલ કરે છે...'

ભોગ લાગ્યા તે આ આનંદમાં ડોસીને ભેળવું... અહીં તો ડોસો બાથરૂમને ગુલાલ કરે છે. હાશ! આજે બચ્યો... જાન બચી તો લાખો પાયે... આજે કોઇ ભાગ્યવંતનું મોં જોયું હશે... એ આનંદ સાથે એ બહાર આવ્યા ને પડી બૂમ...

'એ ટુવાલ કેમ સૂકવ્યો? અરે રે! તમે તો સાવ... મેં આખા બાથરૂમમાં એનાથી પોતું કર્યું ને ધોવા નાખવાનો હતો, ત્યાં તમે સુકવ્યો... તમને તો શું કહું? બાપા... હવે... હવે.... હું થાકી ગઇ છું તમારાથી... તમને તો કોઇ ભાષામાં સમજાવું? પેલી ત્રણ વરસની બબલી તમારાથી વધારે સમજું હશે... '

'અરે! અરે! પણ... એ સી.એ. નહીં હોય...'

'ભાડમાં ગયું તમારું સી.એ. એમાં પૂળો મૂકો એટલે પાર આવે.'

'પૂળો મૂકો... એટલે પી.એમ. થવું.'

'હવે.. હવે... ચૂપ! એક પણ અક્ષર બોલ્યા છો તો... મારા જેવી કોઇ ભૂંડી નહીં મળે... અને લસણ તો હજુ એમજ પડ્યું છે... બોબડીબંધ રાખ કામ કરતા હોવ તો! કામમાં ભઠીયો જરાકે નથી ને... મગજ ફેરવી નાખો છો.'

***● દૃશ્ય ત્રીજું, બપોર બે ના ટકોરે...***

લ્યો.... દાળ થોડીક ખારી થઇ ગઇ એટલે પાણી વધારે નાખ્યું. શાક ખલાસ થઇ ગયું, ને તમારે માંડ બે રોટલી ખાવી, એ દાળમાં પલાળી ઘો એટલે પતે. જો જો પાછા, દાળનાં ટીપાં કપડાં ઉપર ના ઢોળતાં. જનમારાના ભાગલા છો, જમતી વખતે દાળ, પાણી ઢોળવાનો રિવાજ જન્માનારાનો છે, ધ્યાન રાખજો... ખાઇ લ્યો હવે છાના-માના.

ખાઇને ડોસા આવે પડખે થવા ને ચાલુ... બે - ચાર ડગલાંય ચાલતા નથી, તણખલું તોડીને બે ટુકડાય કરતા નથી, પાછું કે' છે કે ખાધેલું પચતું નથી, તે કેમ પચે?

રોજે-રોજની બબાલથી ડોસા ખોટા-ખોટા નસકોરા બોલાવે છે,'આ ડોંસો સાવ ભાન વગરનો છે. એ ઊંઘ્યો ઘસઘસાટ. પરવા છે જરાય, બૈરાએ શું ખાધું ને શું કરે છે એ... એ ઉઠશે ચાર વાગે ને જશે ગામના બાંકડે... પંચાયત કરવા.'

***● દૃશ્ય ચોથું - સાંજના છ વાગે...***

લ્યો... કોઇએ નાં સંઘર્યા? બાંકડા ભાંગતા'તા તે સારા હતા, બેસવું તું ને ત્યાં જ. હવે... હાથ-પગ મોં ધોઇ નાખો, નેપકીન ઠેકાણે ભરાવજો, ફ્રીજમાંથી પાણી ન પીતા, માટલું ઢાંકજો, ગ્લાસ ઊંધો પાજડો, હવે ટી.વી.નો તમે... અવાજ ધીમો રાખો બાપા.... ભગવાન તમારું કલ્યાણ કરે... બાકી, કાન પાકી જાય છે મારા...

ડોસા જાણે છે હાલ-હવાલ. પણ... ફરિયાદ કરવા જાય કયાં? પંચ્યાસી વરસે મા-બાપ કયાંથી હોય? હવે એ દેવી ને ડાકણ તો કહીન શકાય... ભોગ મારા કિસ્મતનાં. ફરિયાદી હાજર છે, પણ ફરિયાદ લખનારની સતત ગેરહાજરી.

***● દૃશ્ય પાંચમું - રાતના નવ વાગે...***

તમારો ખાટલો ખેંચી જજો... ઠેક ઝાંપા બહાર... તમારાં નસકોરાંથી નળીયાં નીચે આવશે કાં તો ધાબુ તુટી પડશે... આ તો કંઇ નસકોરાં બોલાવે છે કે ધમણ...?

દૃશ્ય તો પાંચ-છ-સાત એમ લંબાવી શકાય, પરંતુ ડોસાની દયા ખાઇ સઘળાં દૃશ્યને અત્રે અદૃશ્ય કરું છું... આ ડોસાના આજેય શા હાલ હવાલ છે...

છેલ્લે... સુરેશ દલાલને કહેવું રહ્યું કે... ડોસી ડોસાને હજુ આવી રીતે જ વ્હાલ કરે છે.

# ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે, સાહિત્યિક પરિસંવાદો, કવિ સંમેલનો, સાહિત્યિક પ્રવાસો, વિદ્યાર્થીઓ વચ્ચેની સાહિત્યિક સ્પર્ધાઓ, પુસ્તક મેળા જેવા અવનવા કાર્યક્રમો યોજીને; સાહિત્યકારો અને ભાવકો વચ્ચે સેતુરૂપ બની ગુજરાતી માતૃભાષાના સાહિત્યના પ્રચાર અને પ્રસારની કડીરૂપ કામગીરી બજાવવામાં આવે છે

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

**સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'**

***સમાચાર સેતુ***

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે, સાહિત્યિક પરિસંવાદો, કવિ સંમેલનો, સાહિત્યિક પ્રવાસો, વિદ્યાર્થીઓ વચ્ચેની સાહિત્યિક સ્પર્ધાઓ, પુસ્તક મેળા જેવા અવનવા કાર્યક્રમો યોજીને; સાહિત્યકારો અને ભાવકો વચ્ચે સેતુરૂપ બની ગુજરાતી માતૃભાષાના સાહિત્યના પ્રચાર અને પ્રસારની કડીરૂપ કામગીરી બજાવવામાં આવે છે; તે અંતર્ગત, ગુજરાતી અને હિન્દીના જાણીતા સાહિત્યકાર અને કવિશ્રી ઓમપ્રકાશ ઉદાસીની સાહિત્ય ગોષ્ઠિ અને તેઓશ્રી લિખિત વ્યંગકાવ્ય સંગ્રહ "હૈસો હૈસો" ના કાવ્યપઠનનો કાર્યક્રમ-તેઓશ્રીની આગવી છટા અને અનોખી બાનીમાં તા. ૧૧.૦૫.૨૦૧૪ ને રવિવારના રોજ સાંજના ૬.૦૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે સિનિયર સિટીઝન કાઉન્સિલના સદ્ભાવથી - તેઓશ્રીના કાર્યાલયમાં યોજવામાં આવેલ છે. આ કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન પ્રમુખ ભરત કવિ 'ઊર્મિલ' શોભાવશે, જયારે પૂર્વપ્રમુખ ઓમપ્રકાશ ઉદાસીની સાહિત્ય સાધનાનો પરિચય કરાવશે. તો આ સભામાં સમયસર ઉપસ્થિત રહેવા ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો, સાહિત્યકારો, સાહિત્ય ભાવિકો-રસિકો તથા સુજ્ઞ મહાનુભાવોને વિનંતીસહ અનુરોધ કરવામાં આવે છે.

***કાવ્ય સેતુ : મેં જોયું તો***

મેં જોયું તો,
વૃદ્ધની આંખમાં મને સૂતેલાં સ્વપ્નોનું પ્રતિબિંબ દેખાયું
ને ભિખારીની આંખમાં, તળાતી જલેબીનું ચિત્ર દેખાયું
મેં જોયું તો,
બાલિકાની આંખમાં મને, ઉડાઉડ પતંગિયાનું પ્રતિબિંબ દેખાયું
ને કિશોરીની આંખમાં, ઉડતા પંખીનું ચિત્ર દેખાયું
મેં જોયું તો તો નવયુવકની આંખમાં ધસતા અશ્વનું પ્રતિબિંબ દેખાયું
ને અપંગની આંખમાં દોડતા સાહસવીરનું ચિત્ર દેખાયું
મેં જોયું તો
નવદંપતીની આંખમાં મને, બાલકૃષ્ણનું પ્રતિબિંબ દેખાયું
ને શિશુની આંખમાં ઉઘડતા વિશ્વના નવરંગનું ચિત્ર દેખાયું
મેં જોયું તો શ્રમજીવીની આંખમાં મને ઉ-તુંગ-ઊંચા આવાસનું પ્રતિબિંબ દેખાયું
ને સૂરદાસની આંખમાં સૂર્યના આભાસનું ચિત્ર દેખાયું
મેં જોયું તો ભીંસાતા ભક્તોની આંખોમાં પાષાણ પ્રતિભાનું પ્રતિબિંબ દેખાયું
ને શ્રીહરિની આંખમાં ધૂળના વંટોળનું ચિત્ર દેખાયું
મેં જોયું તો,
જંગી જનમેદનીની આંખોમાં રંગીન સ્વપ્નોનું પ્રતિબિંબ દેખાયું
ને છટાથી સભા સંબોધતા ચૂકતાની આંખમાં, મતપેટીનું મનોહર ચિત્ર દેખાયું

**ડૉ. સોમભાઇ સી. પટેલ**

***વાલમ તું આવી જા...***

મને આ સંસારની સુખશૈયા કંટકસમ લાગે,
કે વાલમ તું આવી જા.
હું હવે અહીં જીવું છું મરવાના વાંકે,
કે વાલમ તું આવી જા.
તુજવિણ હું બળું છું ધોમધખતા તાપે,
કે વાલમ તું આવી જા.
મને માયાનાં ધગધગતાં વાક્બાણ વાગે,
કે વાલમ તું આવી જા.
મારી રૂડી નિંદરૂં જાય નાસી, ને ઉજાગરા લાગે,
કે વાલમ તું આવી જા.
મને આ ફટકેલ ફાગણીયો ઘણો ત્રાસે,
કે વાલમ તું આવી જા.
મારાં આંસુડાં સૂકાય ના પલભર આંખે,
કે વાલમ તું આવી જા.
મારા મનમાં માંડવે અગનઝાળ લાગે,
કે વાલમ તું આવી જા.
મને આ સૂરજ બાળતો અગન તાપે,
કે વાલમ તું આવી જા.
મને આ સૂડો કેસૂડો ઠંડકના આપે,
કે વાલમ તું આવી જા.
આ પાદર ઢમક્યા ઢોલ; ને શરણાયું વાગે,
કે વાલમ તું આવી જા.
વલવલતી વિનવું છું હું તને સૂરજની સાંખે,
કે વાલમ તું આવી જા.
મને ગોઠતું ના અહીં, તુજવિણ કો' સંગાથે,
કે વાલમ તું આવી જા.
મારા મનમાં માણીગર, શી રીતે જીવું આ શત્શત્ પ્રકોપે?
કે વાલમ તું આવી જા.
ભરી તું પ્રેમની પિચકારી, છાંટવા મુજ ઉરઉપાંગે,
કે વાલમ તું આવી જા.

**- મૂળજીભાઇ પરમાર 'દધિ'**

***લાડીનું ગાડી ડ્રાઇવિંગ...***

એક રવિવારે પત્ની મને કહે છે
ચલો, આજ મારે ગાડી ચલાવવી છે
બાપ રે! બોલતાં જ
મારી જીભ કચડાઇ જાય છે.
દર્દ છુપાવી, હાસ્ય લાવી
એનાં ચહેરાને વાંચુ છું
ત્યારે મારા ધ્યાને આવે છે કે
આજે નક્કી સાફસફાઇ કરતાં
એને એનું લાયસન્સ મળ્યું લાગે છે
ઇનશ્યોરન્સના ભગવાનને
ચાર વખત પગે લાગે, ચાર પૈડાની
ગાડી પર બાજુની સીટે બેસું છું...
એ જયારે ગાડી ચલાવે
રસ્તો માત્ર એનાં જ બાપનો હોય છે
રસ્તા પર દરેકને એનો જ
હોર્ન સતત સંભળાતો હોય છે
લોકોને ડ્રાઇવિંગ સેન્સ જ નથી,
કેમ સાચું ને?
જેવાં એનાં પ્રશ્નોને અર્થાત્
મારો એક જ જવાબ, હાં, હો, હોય છે!!
જમણી બાજુ વળવાનો સિગ્નલ
બે કિલોમીટર ચાલુ રહે છે
અને ડાબી બાજુ વળી જતાં
એ અને હું બંને ઊંડો
નિશ્વાસ નાંખીએ છીએ...
બ્રેકનો ઉપયોગ એટલે એ
ટ્રેનની સાંકળ ખેંચવા જેવું માને છે
વળાંકે એને પડે મજા ને
મને પરસેવો છૂટે છે...
એ ગિયર બદલે એટલે ગાડી થથરે છે
એનાં અને મારાં દિલમાં ધ્રુજારી ચઢે છે
ગાડી રસ્તામાં આંચકા મારે અને
મારી કરાવેલી સર્વિસિંગનાં ખર્ચાની
રિમાન્ડ લેવાય છે, એનાં ગુસ્સામાં
બીજા ગાડીને મારી, અને પછી
મને ગાડીની દયા આવે છે!!
એનું ગાડી પાર્કિંગ એટલે
ભવાઇનો એક ખેલ હોય છે
સોસાયટીનાં બધાં સેવામાં, એણની
ગાડી બચાવવાં હાજર હોય છે
લેફ્ટ લો ભાભી, હા હા ફુલ ટર્ન મારો
થોડી પાછળ આવવા દો, ઉભારો ઊભારો,
થોડી આગળ, જરાક રાઇટ
પછી જમણે, થોડીક ડાબે...
અને ગાડી પાર્ક થાય છે!!
જીવ મુઠ્ઠીમાં લઇને બેસવું
કોને કહેવાય? એ મને સમજાય છે
પેટમાં ચૂંક આવે તોય કેમ
હસવું મને ખબર પડે છે.
ગાડી સાચવવી તો ભઇ સહેલું
પણ, લાડીનું ગાડી ડ્રાઇવિંગ તો
ભઇ, બધાં માટે તોબા તોબા હોય છે!!

**- સંજય થોરાત**

(અનુસંધાન પાના નં. ૬ પર)

# જીભ : શસ્ત્ર અને ઢાલ

**Wise men who scan worth of words, say not empty, worthless words.**
***- Thiruvalluver***

(ડાહ્યા માણસો કે જે શબ્દોની કિંમત જાણે છે, તેઓ કદીયે ખોખલા, નકામા શબ્દો બોલતા નથી - તિરુવલ્લુવર)

ભાષા-વાણી મનુષ્યને અન્ય જીવો કરતાં ચડિયાતો બનાવે છે. વાણી અભિવ્યક્તિનું સશક્ત માધ્યમ છે તે સાચું, પણ એની ખુબીઓ અને ફાયદા સાથે એની મર્યાદાઓ અને ગેરફાયદા પણ છે. વાણીનો સમુચિત પ્રયોગ વ્યક્તિને વિકાસની ટોચ તરફ લઇ જઇ શકે છે, જયારે અકારણ-સમજ્યા વગર શબ્દોનો બેફામ ઉપયોગ કરવાથી તે અનેક રીત બાધક નીવડી શકે છે.

કોઇ કેવી રીતે બોલે છે - એની વાણી કેવી છે તે પરથી એનું વ્યક્તિત્વ છતું થતું હોય છે. બહારથી અને અંદરથી પણ. માણસ બોલે છે ત્યારે એના ભીતરી વ્યક્તિત્વનો પરિચય મળતો હોય છે. બોલતી વેળા હીરાની જગ્યાએ કાચના ટુકડા જેવા શબ્દો વાણીમાં ન પ્રવેશી જાય એવું Scanning ઝીણવટભર્યું નિરીક્ષણ અસંપ્રજ્ઞાત મનમાં અનાયાસે જ ચાલતું રહેવું હોય છે, તે તિરૂવલ્લુવરની દૃષ્ટિએ ડાહ્યો માણસ છે.

**અક્ષયપાત્ર**
***- બકુલ દવે***

શાસ્ત્રોમાં કહ્યું છે :'શબ્દખ્યા જયોતિ પ્રકાશો', શબ્દમાં વેગથી વહેતા પાણી અને તોફાની પવન કરતાં પણ વધુ તાકાત છે. એ તાકાત અદૃશ્ય છે, પણ એનાથી નીપજતાં પરિણામો જોઇ શકાય - અનુભવી શકાય તેવાં હોય છે. ચાણક્યે કહ્યું છે : 'જિહ્વાયતે બુદ્ધિવિનાશૌ' વાણી-જીભ વડે માણસને સમૃદ્ધિ અને વિનાશ મળતાં હોય છે.

શબ્દ બ્રહ્મ છે. શબ્દ જયોતિ પ્રકાશી શકે છે. દીવામાં ઘી હોય તો જ વાટ પ્રગટી શકે છે. નહીંતર વાટ બળી જાય છે. દિવ્ય શબ્દો-વાણી માટે પણ એવું કહી શકાય. બોલાયેલા શબ્દની વાટ ચિંતનથી સીંચાયેલી નહીં હોય તો તે પ્રગટી શકશે નહીં.

નકામા શબ્દોનું ટોળું વ્યક્તિની ભીંતર અને બહાર કોલાહલ chaos સર્જે છે, જયારે ચિંતનાત્મક વિચારધારામાંથી આવતા શબ્દો ઓછી સંખ્યામાં હોય તોપણ એનો પ્રભાવ મૂકી જતા હોય છે. તેથી જ વાચાળ લોકો કરતાં મિતભાષી વ્યક્તિઓ તરફ વધુ ખેંચાણ અનુભવાય છે.

વાણી વિશે રહીમનો એક દોહો છે :

'રહીમન' જિહ્વા બાવરી, કહિગ સરગ પાતાલ,
આપુ તો કહી ભીતર રહી, જુતી ખાત કપાલ.'

જીભ બાવરી છે. આડુઅવળું બોલી એ મુખમાં સરકી જાય છે, જયારે ખાસડાંનો માર ખાય છે માથું.

મિતાહારીને શારીરિક આરોગ્ય ટકાવી રાખવા અને મિતભાષીનો મનની સ્થિરતા જાળવવા વિશેષ પ્રયત્નો કરવા પડતા નથી. એટલે જીભ એવું અંગ છે જે તન અને મન બેયની સારી-નરસી સ્થિતિ માટે જવાબદાર હોય છે. જીભને જીતી જાય એ જીવનને જીતી જાય છે.

કબીરની એક સાખી છે :

'જિભ્યા જિન બસમેં કરી, તિન બસ કિયો જહાન,
નહિ તો ઔગુન ઉપજે, કહી સબ સંત સુજાન.'

અર્થાત્ જેણે પોતાની જીભને વશ કરી છે તેણે સમગ્ર વિશ્વને પોતાનું બનાવી લીધું છે તેમ સમજવું.